# દાઅવતે ફાતેમીયાહના સાદિકો અમીન સૈ.અલી સાહબ (ક.રૂ.) ની ઝિક્રા મુબારકા

હિન્દના શહીદે અવ્વલ અને હાદીએ આઅઝમ, મુમેનીનના હાજિતરવાઁ, મુખ્લેસીનના ઉકદાકુશા, ઇત્લાકના ૨૯ માં નૂરે અઝહર સૈયદના શમ્સુદ્દીન અલી બિન ઈબ્રાહીમ સાહબ (ક.રૂ.) ના ૩૮૦ માં ઉર્સ અને શબે ઉર્સની મજલિસ માઝૂનુદ્દાઅવત સૈયદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) ની સદારતમાં અહમદાબાદમાં બા-અઝમતો શાન મુન્અકિદ થઇ હતી. દાઅવતના હુદૂદએ આપ મૌલાની સિફતો સનામાં કસાઇદ પૈશ કીધા હતા અને આપ મૌલાની હક્કાનીયતને ઇઝહાર કરતી એક મખ્સૂસ બૈત આપની તુરબતે પાક પર પઢી મુમેનીનને ખૂબ માતમ અને આહોઝારી કરાવી હતી અને આપના એઅજાઝથી આપની કબ્રે અન્વરનો મુમેનીનને દોબારહ મુશાહેદો થાય તે વાસ્તે દોઆએ ખૈર કીધી હતી.

માઝૂનુદ્દાઅવત (દા.મ.) એ શબે ઉર્સની મજલિસમાં જે નૂરાની કલેમાત ફરમાવા હતા, તેમાંથી ચંદ નુકાત આ મુજબ છે :

→ અલ્લાહતઆલાની વેહદાનીયતનું નૂર અને ઈલ્મનો વુજૂદ આ દુનિયામાં દાઅવતની શિક્લમાં હર જગા, હર ઝમાન અને હર વક્ત કાઇમ રહે છે. અલ્લાહ પોતાના નૂરને નબી પર નાઝિલ કરે છે, પછી આ નૂર વસીમાં મુન્તકલ થાય છે જેની ઝુર્રીયતમાંથી ઈમામો જારી થાય છે અને તેઓ આ ઈલાહી નૂરથી મુશર્રફ હોય છે. અલ્લાહ આ નૂર અને ઈલ્મને ઈમામ યા તેના દોઆતના ઝરીયે આ ખલ્ક પર ઝાહિર કરે છે, ઝમીનના હર ટુકડામાં તેની ઝલક મૌજૂદ હોય છે અને મુમેનીનને સિરાતુમ મુસ્તકીમ તરફ દાઅવત આપવા વાસ્તે કાફી હોય છે. આ ઈલ્મ અને નૂરની બકા વાસ્તે ખુદ અલ્લાહ અસ્બાબો વસાઇલ મોહય્યા કરે છે અને તે ઇન્સાની તાકત અને તદબીરથી બાહર છે કે, આ ચીઝને મીટાવી શકે યા રોકી શકે.

→ યૌમે કિયામત મુમેનીન સિરાતુમ મુસ્તકીમ યાઅની પુલ પરથી ગુઝરશે જેને નીચે જહન્નમ શોઅલાઝન હશે, ગુનાહગારોને અઝાબ થઇ રહ્યો હશે અને આ હંગામમાં મુમેનીન આસાનીથી તે સિરાતને પાર કરીને જન્નતમાં દાખિલ થઇ જાશે. આ બયાનનો હકીકી મફહૂમ એ છે કે, અલ્લાહતઆલાની આ દાઅવત જ સિરાતુમ મુસ્તકીમ છે. જે શખ્સ દાઅવતના મીસાકના દાએરામાં દાખિલ થયો તે ઝરૂર જન્નત બિલ-કુવ્વતમાં દાખિલ થયો; અને જે શખ્સ આ અઝીમ નેઅમતને ન સમઝો, કુફ્ર પર સવાર રહ્યો, મીસાકનો ઇન્કાર કીધો તે ઝરૂર અઝાબુન્નારમાં ગિરફતાર થયો, ગુમ્રાહીની જહન્નમની આગમાં પડો જેને બાદ તેને વાસ્તે કોઇ નજાત નથી. જે શખ્સ આ ફાતેમી દાઅવતને કુબૂલ કરશે, ઈલ્મો અમલ સાથે પોતાની ઝિંદગી બસર કરશે તેને અલ્લાહતઆલા ઝરૂર જન્નત બિલ-ફઅલ યાઅની હકીકી જન્નતથી નવાઝશે અને તેને ઔલિયાઉલ્લાહ (સ.અ.) ની શફાઅત તેમજ સોહબત હાસિલ થાશે.

→ નબીયુલ્લાહ મૌલાના આદમ (અ.સ.) થી લઇને હમણા તક કોઇ પણ અંબિયા યા ઔસિયા યા અઇમ્મત યા દોઆત (સ.અ.) ની દાઅવત, જે અલ્લાહના દીને કામિલ-ઇસ્લામ અને ઈમાન તરફ આવવાની હોય છે, તેને લબ્બૈક કહેનાર ઈમાનદારો, તાબેઇન અને મોઅતકેદીનની તાઅદાદ કમ-અઝ-કમ ૨૭ અફરાદની હોય છે. આ હુદૂદ હોય તો જ દાઅવત કરનાર સાહબનો મકસદો ગાયત પૂરા થાય છે અને દાઅવત તમામીયત પર પહોંચે છે. મૌલાના આદમ (અ.સ.) ની દાઅવતને તસ્લીમ કરનાર અસ્હાબ ૨૭ હતા અને સૈયદના અલી (ક.રૂ.) ના મદદગારો, જાઁનીસારો અને અન્સાર પણ ૨૭ હતા, જે આપ મૌલાની હક્કાનીયતનો પુખ્તા સુબૂત છે.

→ હર ઈમામ યા દોઆત આ આલમુલ કૌને વલ ફસાદ યાઅની દુનિયામાં આમ ઇન્સાન મુજબ જિસ્માની કાલિબમાં અને ઇન્સાની શિક્લો શમાઇલમાં જ હોય છે જેથી લોગોને દરમિયાન બાખૂબી અને આસાનીથી પૈગામે ઈલાહી અને અહકામે શરીઅત પહોંચાવી શકે અને તેઓને રાહે રાસ્ત પર લાવી શકે. આ ઇન્સાની જિસ્મ સિવાય અલ્લાહતઆલા ઈમામો અને તેમના નુમાઇંદાને જિસ્મે લતીફ પણ આપે છે. ઈમામ યા દાઇની વફાત બાદ આ જિસ્મે લતીફ યા નૂરાની સૂરત આ દુનિયામાં હર વક્ત બાકી રહે છે અને મુમેનીનને ઝમાનાના સાહબે દાઅવતના ઝરીયે તાઇદ અને હિદાયત બખ્શે છે. તો ભલે અપના મુકદ્દસ દોઆતે કિરામ (આ.કુ.) આ દુનિયાથી ઇન્તેકાલ ફરમાવી ગયા હોય પણ આપ તમામની નૂરાની અને રૂહાની હસ્તી હમારા દરમિયાન હમારી મદદ અને હમારી હાજતરવાઇ વાસ્તે હરદમ તૈયાર હોય છે. હમારા મૌલા મુકદ્દસ સૈયદના અલી (ક.રૂ.) ને કોઇ મુમિન બંદો પૂરા ખુલૂસ અને યકીન સાથે યાદ કરી, વસીલો લઇને બારગાહે રબ્બાનીમાં દોઆ ગુઝારશે તો બિલાશક તેના કલામ પર અલ્લાહ મકબૂલીયતની મોહર લગાવી દેશે અને તેની હાજત બર આવશે. “ફઅતબેરૂ યા ઊલિલ અબ્સાર લઅલ્લકુમ તુફલેહૂન.”

આ સિલસિલામાં મદ્રસએ તૈયેબીયાહના ઉસ્તાઝ સાહેબો અને તાલિબે ઈલ્મોની હાઝિરીમાં તા. ૨૨ ઝિલકાદ, જુમેરાતે શબે ઉર્સના મૌકા પર બુસ્તાને બદરીમાં મગરિબની નમાઝ બાદ કુરઆન-ખ્વાની અને ફાતેહા-ખ્વાનીની મજલિસ મુન્અકિદ થઇ હતી. મદ્રસાના એહતેમામને માતહત આપ મુકદ્દસ મૌલાની ઝિયારતે તાહેરાના આઅલા અને નૈક મકસદથી તકરીબન ૮૫ અફરાદ પર મુશ્તમિલ એક ઝિયારત ટુરનો ઇન્તેઝામ તા.૨૪ ઝિલકાદ, શનિવારે કરવામાં આવો હતો. અહમદાબાદમાં તમામ ઝાએરીનએ આપ મૌલાના મઝારે અન્વર પર જઇને આપની જાએ તુરબતનો શરફ હાસિલ કરી ખૂબ આહોઝારી કીધી હતી અને અલ્લાહ તેમને ઈલ્મો અમલમાં સરફરાઝી ઇનાયત કરે તેની દોઆએ ખાસ કીધી હતી. બપોરના તઆમો ઇકરામ બાદ કપડવંજ તરફ કસદ કીધો હતો અને તમામ મૌલાઇ ખૌજ બિન મલક સાહબ (રિ.અ.) ની ઝિયારતથી શરફયાબ થયા હતા. તે બાદ ઉમરેઠ જઇ ઝાએરીન મૌલાઇ મીયાજી બિન તાજ સાહબ (રિ.અ.) ની મરકદે અન્વર પર ગયા હતા અને બરકાતથી ફૈઝયાબ થયા હતા. અલ્લાહની બારગાહે અયઝિદીમાં દોઆ છે કે, હમેં હમારા આકા મુકદ્દસ મૌલાની હયાતે પાકથી સબકઆમોઝ થઇએ અને અલ્લાહ હમારા દિલોમાં દાઅવત પર જાનો માલથી ફિદાગીરીનો વલવલો ઝિંદા રાખે. ★